# આચાર્ય હરિભદ્રસૂરિકૃત મલ્લિનાહચરિયં અંતર્ગત અવાંતરકથાઓ

**સલોની જોષી**

પ્રાકૃત સાહિત્યમાં ચરિત્રકાવ્યની સુદીર્ઘ પરંપરા જોવા મળે છે. તીર્થંકરોનાં ચરિત્રો શલાકાપુરુષચરિત્ર અંતર્ગત તેમજ સ્વતંત્ર રીતે લખાયેલાં પણ મળે છે. ૧૯મા તીર્થંકર મલ્લિનાથ પર અનેક સંસ્કૃત-પ્રાકૃત કાવ્યો[1] રચાયાં છે. કુમારપાળના મંત્રી પૃથ્વીપાલના અનુરોધથી વડગચ્છીય શ્રીચંદ્રસૂરિના શિષ્ય હરિભદ્રસૂરિએ ૨૪ તીર્થંકરોનાં ચરિત્ર[2]ની રચના કરી હતી. હાલ તેમાંથી કેવળ ચાર ચરિત્રકાવ્યો ઉપલબ્ધ છે, **અજિયનાહ ચરિયં** (૨૦ સં૦ ૧૨૦૬), **મલ્લિનાહચરિયં**, **નેમિનાહચરિઉ**[3] (૨૦ સં૦ ૧૨૧૬) (અપભ્રંશ), અને **ચંદપ્પહચરિયં** (લે૦ સં૦ ૧૨૨૩).

સન્દર્ભગત **મલ્લિનાથચરિત્ર** અપ્રકાશિત (ગ્રંથાગ્ર ૯૦૦૦) છે : તે ત્રણ પ્રસ્તાવમાં વિભાજિત છે. પ્રથમ પ્રસ્તાવમાં મલ્લિનાથના પૂર્વભવની સાથે છ અવાંતર કથાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે; બીજા પ્રસ્તાવમાં મલ્લિનાથના જન્મનું વર્ણન, છ રાજાઓને પ્રતિબોધ, અને મલ્લિનાથના દીક્ષાના પ્રસંગનું વર્ણન કરવામાં આવ્યું છે. આ પ્રસ્તાવમાં માત્ર એક જ અવાંતર કથા વિસ્તૃત રૂપે આપવામાં આવી છે; જ્યારે ત્રીજો પ્રસ્તાવ સમગ્રતયા અવાંતરકથાઓથી છવાયેલો છે. તેમાં આઠ અવાન્તરકથાઓ તેમ જ મલ્લિનાથના કેવળજ્ઞાન પ્રાપ્તિ તેમ જ નિર્વાણના પ્રસંગો વર્ણવાયા છે.

**મલ્લિનાથચરિત્ર**માં પ્રાપ્ત અવાંતર કથાઓ નીચે મુજબ છે :

૧. દાનવિષયે જયશેખર કથા

૨. શીલવિષયે વિમલસુંદરી કથા

૩. તપવિષયે જયશ્રી કથા

૪. ભાવનાવિષયે મતિસુંદરી કથા (ચિત્રકાર દારિકા કથા)

૫. વિનયવિષયે કુલવર્ધનક કથા

૬. કામભોગત્યાગવિષયે અનંગસેન, પ્રદ્યોતરાય કથા

૭. દેહસૌંદર્યની ક્ષણભંગુરતા વિષયે રાજહંસકથા

૮. ધર્મકાર્યમાં ઉદ્યત થવા માટે બોધરૂપ સનત્કુમારચરિત્ર

૯. ધર્મકાર્યથી પ્રાપ્ત થતા લાભવિષયે સમરકેતુચરિત્ર

૧૦. કૃતઘ્નતાવિષયે સિંહકથા

૧૧. કૃતઘ્નતાવિષયે સુકુમારિકા કથા

૧૨. ધર્મકાર્ય અર્થે બોધરૂપ વીરસેન-કુસુમશ્રી કથા

૧૩. પૂર્વજન્મકૃત પુણ્યથી થતી પ્રાપ્તિ વિષયે નરવિક્રમનરેશ્વર કથા

૧૪. ભાવનાપૂર્વક કરવામાં આવતાં ધર્મકાર્યવિષયે નમિ પ્રત્યેકબુદ્ધચરિત્ર અને

૧૫. સમ્યક્ત્વ વિષયે સુમતિસચિવ કથા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારનાં કાવ્યોનો મુખ્ય હેતુ કથાના માધ્યમથી જનસમાજને ધર્મ પ્રતિ આકર્ષિત કરવાનો છે. ધર્મોપદેશ સાથે બોધપ્રદ નૈતિક કથાઓ ગૂંથવામાં આવતી હોવાથી લોકજીવનને ઉન્નત અને ચારિત્ર્યશીલ બનાવવામાં તેમ જ નૈતિક શિક્ષા પ્રદાન કરવામાં સહાયતા મળે છે.

**મલ્લિનાથચરિત્રની** અવાંતરકથાઓના આધારસ્રોતને ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (૧) આગમ તથા નિર્યુક્તિ, ચૂર્ણિ, અને ટીકા સાહિત્ય; (૨) આગમેતર જૈન સાહિત્ય; અને (૩) અન્ય શિષ્ટ તેમ જ લોકકથાસાહિત્ય.

**આગમિક સાહિત્યમાં પ્રાપ્ત કથાઓ :**

ભાવના વિષયક મતિસુંદરી(ચિત્રકારદારિકા)ની કથા પ્રથમ પ્રસ્તાવમાં છે, જેનો ઉલ્લેખ **આવશ્યકચૂર્ણિ**[૪] (પ્રાયઃ ઈ૦ સ૦ ૬૭૫), **ઉત્તરાધ્યયન સુખબોધાટીકા**[૫] (ઈ૦ સ૦ ૧૦૯૦ પહેલાં), અને જયસિંહસૂરિકૃત **ધર્મોપદેશમાલા** વિવરણ[૬] (૨૦ સં૦ ૯૨૫/ઈ૦ સ૦ ૮૫૯)માં મળે છે. પરંતુ તેની અંતર્ગત આવતી કથાઓ ભિન્ન ભિન્ન પ્રકારની છે. આ જ કથા શ્રીચંદ્રકૃત **કહકોસુ**[૭] (અપભ્રંશ) (૨૦ સં૦ લગભગ ૧૧૨૭/ઈ૦ સ૦ ૧૦૭૧) તથા હરિષેણાચાર્ય કૃત **બૃહત્કથાકોષ**[૮] (૨૦ સં૦ ૯૮૯/ઈ૦ સ૦ ૯૩૩)માં બુદ્ધિમતિ-ચિત્રકાર દારિકાના સ્વરૂપે મળે છે; પરંતુ તેના નિરૂપણમાં થોડી ભિન્નતા જોવા મળે છે. આમાં કથા અંતર્ગત લઘુ અવાંતરકથા આપવામાં આવી નથી.

કામભોગ-ત્યાગ-વિષયક અનંગસેન અને પ્રદ્યોતરાયની કથા **આવશ્યકચૂર્ણિ**[૯] તથા[૧૦] ભગવાન મહાવીરના ચરિત્રની પરંપરામાં પ્રાપ્ત થાય છે. **મલ્લિનાથચરિત્રમાં આવશ્યકચૂર્ણિની** કથાનું અનુસરણ કરવામાં આવ્યું છે.

કથાઓની સાથે સાથે અહીં સંક્ષિપ્ત ચરિત્રો પણ ઉદાહરણ સ્વરૂપે નિરૂપાયાં છે. ધર્મકાર્યમાં પ્રવૃત્ત થવા વિષયક બોધપ્રદ ''સનત્કુમારચરિત્ર'' આગમેતર[૧૧] સાહિત્યમાં પ્રચુર પ્રમાણમાં નિરૂપાયું છે. ''પ્રત્યેકબુદ્ધ નમિ રાજર્ષિચરિત્ર'' ભાવનાપૂર્વક કરાયેલ ધર્મકાર્યના ઉદાહરણરૂપે આલેખાયું છે. જેનો ઉલ્લેખ **સૂત્રકૃતાંગચૂર્ણિ**[૧૨], **આવશ્યકચૂર્ણિ**[૧૩], **આવશ્યક ભાષ્ય**[૧૪], **ઉત્તરાધ્યયન નિર્યુક્તિ**[૧૫], **ઉત્તરાધ્યયનચૂર્ણિ**[૧૬], તેમ જ **આખ્યાનકમણિકોષવૃત્તિ**[૧૭](ઈ૦ સ૦ ૧૧૩૩)માં મળે છે.

**આગમેતર સાહિત્યમાં પ્રાપ્યકથાઓ :**

બીજા પ્રસ્તાવમાં દેહસૌંદર્યની ક્ષણભંગુરતા દર્શાવતી રાજહંસ કથા મળે છે. તેનો આધાર **આખ્યાનકમણિકોષવૃત્તિ**[૧૮] છે. **જિનધર્મપ્રતિબોધ**[૧૮/૧]માં આ કથા કુન્દકથાનકને નામે મળે છે. સંભવતઃ આ જ રાજહંસ કથાના મુખ્ય કથાઘટકના આધારે **"સિરિસિરિવાલકહા"**[૧૯]ની રચના થઈ હોય. આ શ્રીપાલ કથાના આધારે સંસ્કૃત, પ્રાકૃત, અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અનેક રચનાઓ થઈ છે.

ત્રીજા પ્રસ્તાવમાં નિરૂપાયેલ ''સમરકેતુચરિત્ર'' અંતર્ગત દૃષ્ટાંતરૂપે રત્નશિખ કથાનક આલેખાયું છે. આ કથાનક સર્વપ્રથમ **પુહઈચંદ ચરિયં**[૨૦] (૨૦ સં૦ ૧૧૬૧/ઈ૦ સં૦ ૧૧૦૫)માં મળે છે. મુનિસુંદરકૃત **ઉપદેશપદ સુખસંબોધિનીવૃત્તિ** [૨૧] (૨૦ સં૦ ૧૧૭૪/ઈ૦ સં૦ ૧૧૧૮)માં પણ આ કથા મળે છે.

કૃતઘ્નતાના દૃષ્ટાંત રૂપે અપાયેલ સુકુમારિકા કથા **ધર્મોપદેશમાલા વિવરણ**[૨૨]માં 'મદનાતુરતાયાં સુકુમારિકાકથા'માં મળે છે. **આખ્યાનકમણિકોષવૃત્તિ**[૨૩]માં, **બૃહત્કથાકોષ**[૨૪]માં 'પંગુલમાં આસક્ત સ્ત્રી દેવરતિ તથા **કહકોસુ**[૨૫]માં નારીદોષ પર દેવરતિની કથા'ના રૂપમાં મળે છે. **સંવેગરંગશાલા**[૨૬] (૨૦ સં૦ ૧૨૦૩ કે ૧૨૦૭/ઈ૦ સ૦ ૧૧૪૭ કે ૧૧૫૧) **પંચતંત્ર**[૨૭]માં સંક્ષિપ્તરૂપે આ કથા મળે છે. ચુલ્લપદુમજાતક[૨૭/૧]માં પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ પ્રકારની કથા મળે છે. તેમ જ કૃતઘ્નતા વિષયક અન્ય સિંહ કથાનક વર્ધમાનસૂરિકૃત **જુગાઈ જિણિંદ ચરિયં**[૨૮] (૨૦ સં૦ ૧૧૬૦/ઈ૦ સં૦ ૧૧૦૪)માં વૈદ્યપુત્ર કથાનક રૂપે અને **પંચતંત્ર**[૨૯]માં સંક્ષિપ્ત રૂપે મળે છે.

પૂર્વજન્મકૃત કર્મથી થતી પ્રાપ્તિવિષયક ''નરવિક્રમ નરેશ્વર કથા'' ત્રીજા પ્રસ્તાવમાં મળે છે. સર્વપ્રથમ આ કથા ગુણચંદ્રકૃત **મહાવીરચરિયં**[૩૦] (૨૦ સં૦ ૧૧૩૯/ઈ૦ સં૦ ૧૦૮૩)માં વિસ્તારથી મળે છે. **આખ્યાનકમણિકોષવૃત્તિ**[૩૧]માં પણ મળે છે. **મલ્લિનાથચરિત્ર**માં **આખ્યાનકમણિકોષવૃત્તિ**નું અનુસરણ પ્રાપ્ત થાય છે. બંનેમાં કથા અંતર્ગત આવતા પ્રશ્નોત્તરી-કાવ્યગોષ્ઠિના પ્રસંગનું નિરૂપણ પ્રાપ્ત થાય છે. અલબત્ત પ્રશ્નોત્તર બંનેમાં સમાન જોવા મળતા નથી. પરવર્તી સંસ્કૃત-પ્રાકૃત સાહિત્યમાં પણ આ કથા મળે છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ કથાનું રૂપાંતર ચંદનમલયગિરિકથાના સ્વરૂપે મળે છે.

**અન્ય સાહિત્ય તેમજ લોકસાહિત્યમાં પ્રાપ્ત કથાઓ**

ઉપર નિર્દેશેલી કથાઓ સિવાય અન્ય આઠ કથાઓનો સમાવેશ પણ **મલ્લિનાથચરિત્ર**માં કરાયો છે. આ કથાઓની રચના લોકપ્રચલિત કથાઘટકોના આધારે કરવામાં આવી છે, જેનું યથાતથ નિરૂપણ પૂર્વવર્તી ગ્રંથોમાં ઉપલબ્ધ થતું નથી. શીલવિષયક ''વિમલસુંદરીકથા'' સંભવતઃ આ પ્રકારની શીલવિષયક પ્રાપ્ય કથાપરંપરાના આધારરૂપ છે, જે સોમપ્રભાચાર્ય સૂરિકૃત **કુમારપાળપ્રતિબોધ**[૩૨] (૨૦ સં૦ ૧૨૪૧/ઈ૦ સં૦ ૧૧૮૫) અંતર્ગત તેમ જ **શીલોપદેશમાલાબાળાવબોધ**[૩૩]માં ઉપલબ્ધ થાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં પણ આ કથાનો પ્રભાવ જોવા મળે છે. જયવંતસૂરિકૃત **શૃંગારમંજરી**[૩૪] (૨૦ સં૦ ૧૬૧૪/ઈ૦ સં૦ ૧૫૫૮)માં આ કથાનું રૂપાંતર પ્રાપ્ત થાય છે.

ધર્મથી મનુષ્ય બધું જ પામે છે તેના ઉદાહરણ રૂપે નિરૂપિત ''સમરકેતુચરિત્ર'' સ્વતંત્ર કૃતિની ક્ષમતા ધરાવે છે. પ્રચલિત કથાઘટકોના આધારે કવિએ એક નવી જ કથાની રચના કરી છે. **મલ્લિનાથચરિત્ર**માં આવતી અવાન્તરકથાઓમાં આ સૌથી લાંબી કથા છે : (લગભગ ૧૮૦૦ ગાથા). આમાં મુખ્યત્વે સમરકેતુનાં પરાક્રમ અને પરિણયની વાત ગૂંથાઈ છે. સમરકેતુના ત્રણ રાજકુમારીઓ સાથે વિવાહ, વિયોગ, અને મિલનની વાત નિરૂપાઈ છે. વળી સમરકેતુના બે પૂર્વ ભવોનું આલેખન પણ કરાયું છે.

વીરસેન-કુસુમશ્રી કથાનું નિરૂપણ પણ કેટલેક અંશે વિસ્તૃત રૂપે થયું છે. કુતૂહલ, નાટકીયતા, કરુણતા, વિયોગ, મિલન તથા આશ્ચર્યકારક તત્ત્વોથી ભરપૂર આ કથા રોચક અને લોકપ્રિય બની છે. ફલતઃ મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આ કથાનું આલંબન લઈ કથા રચાઈ છે : જેમકે કુસુમશ્રી વીરસેન કથા[૩૫].

**મલ્લિનાથચરિત્ર**માં વિસ્તૃત અને લઘુ બંને પ્રકારની કથાઓ મળે છે. આ અવાંતર કથાઓનું વર્ગીકરણ બીજી રીતે પણ કરી શકાય. જેમકે, પૂર્ણકથા, ખંડકથા, અને કથાંશ. જે કથામાં નાયકનું જન્મથી માંડી અંતિમ લક્ષ્યપ્રાપ્તિ સુધીનું નિરૂપણ કરવામાં આવ્યું હોય તેને પૂર્ણકથા કહે છે. તેમાં ક્યારેક પૂર્વજન્મ વૃત્તાંતનો સમાવેશ પણ કરવામાં આવે છે. ''કુલવર્ધનકકથા,'' ''રાજહંસકથા,'' ''સમરકેતુચરિત્ર,'' ''સનત્કુમાર ચરિત્ર,'' ''વીરસેન કુસુમશ્રી કથા'', ''નરવિક્રમ નરેશ્વર કથા'', ''નમિરાજર્ષિ કથા'' વગેરેનો સમાવેશ આ પ્રકારમાં કરી શકાય.

જે કથાઓમાં નાયકના જીવનના આંશિક વૃત્તાંતનું નિરૂપણ કરવામાં આવ્યું હોય તેને ખંડકથા કહી શકાય; જેમકે ''અનંગસેન, પ્રદ્યોતરાય કથા'', ''સુકુમારિકાકથા'' અને ''સુમતિસચિવકથા.'' કથાનાયકના જીવનની એકાદ ઘટનાને સંક્ષિપ્ત રૂપે દૃષ્ટાંત તરીકે પ્રયોજાયેલી જોવા મળે તેવી કથાઓને કથાંશના વર્ગમાં મૂકી શકાય; જેમકે ''જયશેખર કથા'', 'જયશ્રી કથા', ''મતિસુંદરી કથા'', ''વિમલસુંદરી કથા'', ''સિંહ કથા.''

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ કથાઓમાં દરેક પ્રકારનાં પાત્રોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમકે, મનુષ્ય, દેવ, યક્ષ, વ્યંતર અને તિર્યંચ. અહીં ચમત્કારિક, અતિમાનવીય, અને દૈવીતત્ત્વનું નિરૂપણ વિશેષ રૂપે જોવા મળે છે.

સામાન્ય રીતે આ પ્રકારના કથાગ્રંથ-ચરિત્રગ્રંથમાં ચતુર્વિધ ધર્મ — દાન, શીલ, તપ, ભાવના — ની કથાઓની સાથે સાથે શ્રાવકના બાર વ્રતવિષયક કથાઓનું નિરૂપણ કરવામાં આવે છે. અહીં ચતુર્વિધધર્મ પર દષ્ટાંતકથા મળે છે પરંતુ શ્રાવકના દ્વાદશવિધ વ્રતવિષયક કથાઓ મળતી નથી. અહીં એ ઉલ્લેખનીય છે કે આ હરિભદ્રસૂરિ રચિત અદ્યાપિ અપ્રકાશિત **અજિયનાહચરિયં**માં દ્વાદશવિધ વ્રતવિષયક કથાઓ મળે છે. અન્ય નોંધનીય બાબત એ છે કે ''સમરકેતુ ચરિત્ર'' **અજિયનાહચરિયં**માં શબ્દશઃ મળે છે. તે જ રીતે દાન, શીલ, તપ, ભાવના તેમ જ **સમ્યક્ત્વ** વિષયક દષ્ટાંત કથાઓ **ચંદપ્પહચરિયં**માં શબ્દશઃ મળે છે. ''સનત્કુમાર ચરિત્ર''નું આલેખન કવિએ પોતાની જ કૃતિ **નેમિનાહચરિઉ**(અપભ્રંશ)માં કર્યું છે.

આ અવાંતર કથાઓમાંથી પાંચ કથાઓ **આખ્યાનકમણિકોષવૃત્તિ**માં પ્રાપ્ત થાય છે, જેની રચના કર્ત્તાના ગુરુ શ્રીચંદ્રસૂરિના ગુરુભ્રાતા શ્રીઆમ્રદેવસૂરિએ કરી છે.

આ કથાઓમાંથી ''સિંહ અને સુકુમારિકા કથા'' સંસ્કૃત ભાષામાં નિબદ્ધ છે. ''નરવિક્રમ નરેશ્વરકથા'માં પ્રથમ ચરણ સંસ્કૃતમાં અને દ્વિતીય ચરણ પ્રાકૃતમાં એમ મણિપ્રવાલ શૈલી પ્રયોજાઈ છે. આ અવાંતર કથાઓની ભાષા સમાસબદ્ધ હોવા છતાં સરળ અને પ્રવાહી છે. અલંકારોનો વિનિયોગ સુચારુ રૂપે થયો છે. પ્રકૃતિ અને પાત્રોનું વર્ણન વિસ્તૃત અને વિશદ રૂપે કરવામાં આવ્યું છે. કહેવતો અને સુભાષિતોનો પ્રયોગ યથોચિત સ્થાને કરાયો છે.

આ કથાઓનું પર્યાવસાન પાત્રો દ્વારા અંતતઃ દીક્ષાગ્રહણ કરવામાં કે ધર્મકાર્યમાં પ્રવૃત્ત થવાને કારણે આ ધર્મકથાઓ છે. આ કથાઓમાં પ્રરૂપિત ઉપદેશ કથારસમાં વ્યવધાનરૂપ બનતો નથી. સમગ્રતયા જોઈએ તો આ કથાઓ આસ્વાદ્ય છે.

---

**સંદર્ભ ગ્રંથો :**


૧. **જિનરત્નકોશ** / સંપા૦ એચ૦ ડી૦ વેલણકર. Bhandarkar Institute for Oriental Research પૂના ૧૯૪૪. પૃ૦ ૩૦૨.

૨. **ચંદપ્પહચરિયં** (અપ્રકાશિત તાડપત્રીય પ્રત, હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનભંડાર, પાટણ).

चउवीसइ जिण-पुंगव-सुचरिय-रयणाभिराम-सिंगारो ।
एसो विणेय-देसो जाओ हरिभद्दसूरित्ति ॥ પત્ર ૨૬૩૨.

૩. **નેમિનાહ ચરિઉ**, હરિભદ્રસૂરિ, સંપા૦ મધુસૂદન મોદી અને હ૦ ચૂ૦ ભાયાણી, લા૦ દ૦ ગ્રંથમાળા ૩૩. અમદાવાદ ૧૯૭૪.

૪. **આવશ્યકચૂર્ણિ**, જિનદાસગણિ. ઋષભદાસ કેસરીમલ પેઢી, રતલામ ૧૯૨૯. નવમ અધ્યયન, પૃ૦ ૧૪૫.

૫. **ઉત્તરાધ્યયન સુખબોધાવૃત્તિ**, નેમિચન્દ્રાચાર્ય, સંપા૦ વિજયઉમંગસૂરિ, પુષ્પચંદ્ર ખેમરાજ, આત્મવલ્લભગ્રંથાંક-૧૨. વળાદ ૧૯૩૭. પૃ૦ ૧૪૧.

૬. **ધર્મોપદેશમાલા વિવરણ**, જયસિંહસૂરિ, સંપા૦ લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, સિંઘી જૈન ગ્રંથમાલા, ગ્રન્થાંક ૨૮. મુંબઈ ૧૯૪૯. પૃ૦ ૧૩૭.

૭. **કહકોસુ**, શ્રીચંદ્રસૂરિ, સંપા૦ એચ૦ એલ૦ જૈન, પ્રાકૃત ગ્રન્થ પરિષદ ગ્રંથાંક-૧૩. અમદાવાદ ૧૯૬૯. સંધિ ૫, કડવક ૫-૧૦, પૃ૦ ૫૧-૫૩.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૮. **બૃહત્કથાકોષ,** હરિષેણાચાર્ય, સંપા૦ એ૦ એન૦ ઉપાધ્યે. સિંઘી જૈન ગ્રંથમાલા-૧૭. મુંબઈ ૧૯૪૩. કથાનક ક્રમાંક ૧૪; પૃ૦ ૨૮.

૯. **આવશ્યકચૂર્ણિ,** પૃ૦ ૩૯૭.

૧૦. **મહાવીરચરિયં,** ગુણચન્દ્ર. દે૦ લા૦ પુસ્તકોદ્ધાર ફંડ, મુંબઈ સં૦ ૧૯૮૫ (ઈ૦ સ૦ ૧૯૨૯), અષ્ટમ પ્રસ્તાવ પૃ૦ ૨૭૨.

૧૧. **"સણતુકુમારચરિઉ" (નેમિનાહચરિઉ અંતર્ગત),** હરિભદ્રસૂરિ, સંપા૦ હ૦ ચૂ૦ ભાયાણી, મ૦ ચિ૦ મોદી૦ લા૦ દ૦ ગ્રંથમાળા-૪૨, અમદાવાદ ૧૯૭૪. પૃ૦ ૪-૫.

૧૨. **સૂત્રકૃતાંગચૂર્ણિ,** જિનદાસગણિ, ઋષભદાસ કેસરીમલ પેઢી, રતલામ ૧૯૪૧. પૃ૦ ૧૨૦.

૧૩. **આવશ્યકચૂર્ણિ,** ભાગ-૨, પૃ૦ ૨૦૭-૮.

૧૪. **આવશ્યકભાષ્ય, વિજયદાનસૂરિ સીરીઝ,** સુરત ૧૯૩૯, ગાથા ૨૦૮-૨૧૪.

૧૫. **ઉત્તરાધ્યયન નિર્યુક્તિ,** ભદ્રબાહુ સ્વામી, શાન્ત્યાચાર્ય વિહિત **શિષ્યહિતૈષણીવૃત્તિ.** દે૦ લા૦ જૈનપુસ્તકોદ્ધારફંડ ગ્રંથાંક-૩૩. મુંબઈ ૧૯૧૬. ગાથા-૨૬૪; પૃ૦ ૨૯૯.

૧૬. **ઉત્તરાધ્યયનચૂર્ણિ,** જિનદાસગણિ. ઋષભદેવ કેસરીમલ પેઢી, રતલામ ૧૯૩૩ પૃ૦ ૧૭૭.

૧૭. **આખ્યાનકમણિકોશવૃત્તિ,** આમ્રદેવસૂરિ, સંપા૦ મુનિ પુણ્યવિજયજી. પ્રાકૃતગ્રન્થપરિષદ ગ્રંથાંક ૫, વારાણસી ૧૯૬૨. પૃ૦ ૨૭૮-૨૮૪.

૧૮. **આખ્યાનકમણિકોશવૃત્તિ,** પૃ૦ ૧૫૫-૧૬૦.

૧૮/૧. **કુમારપાલ પ્રતિબોધ,** સોમપ્રભાચાર્ય, સંપા૦ જિનવિજય, Vol. XIV બરોડા ૧૯૨૦, પ્રસ્તાવ-૨. પૃ૦ ૪૨-૪૭.

૧૯. **સિરિસિરિવાલચરિત,** રત્નશેખરસૂરિ, સંપા૦ ચન્દ્રસાગરગણિ. આનન્દચન્દ્ર ગ્રન્થાબ્ધૌ નવમ ગ્રંથરત્ન, ૧૯૪૮.

૨૦. **પુહઈચંદચરિયં,** શાન્તિસૂરિ, સંપા૦ સ્મણિકવિજય. પ્રાકૃતગ્રન્થપરિષદ ગ્રંથાંક-૧૬, વારાણસી ૧૯૭૨. પૃ૦ ૮૯-૧૦૨.

૨૧. **ઉપદેશપદસુખસંબોધનીવૃત્તિ,** મુનિચન્દ્રસૂરિ. સંશો૦ પ્રતાપવિજયગણિ, મુક્તિકમલ જૈનમોહનમાલા, વડોદરા ૧૯૨૫, પૃ૦ ૪૨૦-૪૩૧, ગાથાક્રમાંક ૧૦૩૧-૩૬.

૨૨. **ધર્મોપદેશમાલા વિવરણ,** પૃ૦ ૧૯૮-૧૯૯.

૨૩. **આખ્યાનકમણિકોશવૃત્તિ,** પૃ૦ ૧૮૬-૧૮૭.

૨૪. **બૃહત્કથાકોષ,** પૃ૦ ૨૧૦.

૨૫. **કહકોસુ** સંધિ ૩૪, કડવક ૮-૧૦. પૃ૦ ૩૪૫-૩૪૬.

૨૬. **સંવેગરંગશાળા મહાગ્રન્થનો ગુજરાતી અનુવાદ,** અનુ૦ વિજયભદ્રંકરસૂરિ, વિજયઅણસુર મોટોગચ્છ, સાણંદ ૧૯૭૬, પૃ૦ ૨૪૬, ગાથા ૪૪૨૧-૪૪૩૦.

૨૭. **પંચતંત્ર,** વિષ્ણુશર્મા; સંપા૦ નારાયણરામ આચાર્ય, નિર્ણયસાગરપ્રેસ, મુંબઈ ૧૯૫૦, પૃ૦ ૨૯૧. લબ્ધપ્રણાશમ્ સ્ત્રીજાત્યવિશ્વાસે બ્રાહ્મણીપંગુ કથા.

૨૭/૧. **જાતક,** ભદન્ત આનન્દ કૌશલ્યાયન, હિન્દી સાહિત્ય સંમેલન, પ્રયાગ ૧૯૫૮. દ્વિતીયખંડ, જાતકક્રમાંક-૧૯૩, પૃ૦ ૨૯૯.

૨૮. **જુગાઈ જિણિંદચરિયં,** વર્ધમાનસૂરિ, સંપા૦ રૂપેન્દ્રકુમાર પગારિયા. લા૦ દ૦ ગ્રંથમાળા-૧૦૪, અમદાવાદ ૧૯૮૭. "વેજ્જપુત્ત કહાણયં", પૃ૦ ૧૮-૧૯

૨૯. **પંચતંત્ર,** પૃ૦ ૩૨૧. अपरीक्षितकारकम् અંતર્ગત સામાન્યબુદ્ધિશૂન્યત્વે સિંહસંજીવકબ્રાહ્મણ કથા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩૦. **મહાવીરચરિયં,** ચતુર્થ પ્રસ્તાવ.

૩૧. **આખ્યાનકમણિકોશવૃત્તિ,** પૃ૦ ૨૮૯-૩૦૪.

૩૨. **કુમારપાલ પ્રતિબોધ,** સંપા૦ જિનવિજય, G.O.S. Vol. XIV, Baroda 1920 - ,પ્રસ્તાવ-૩, પ્રકરણ ૭, પૃ૦ ૨૨૪.

૩૩. **શીલોપદેશમાલાબાલાવબોધ,** મેરુસુન્દરગણિ, સંપા૦ હ૦ ચૂ૦ ભાયાણી અને અન્ય, લા૦ દ૦ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ ૧૯૮૦, પૃ૦ ૧૨૮-૩૧.

૩૪. **શૃંગારમંજરી,** જયવંતસૂરિ, સંપા૦ કનુભાઈ શેઠ. (લા૦ દ૦ ગ્રંથમાળા-૬૫), અમદાવાદ ૧૯૭૮. પૃ૦ ૬૬; પૃ૦ ૧૫૨-૧૫૫

૩૫. **કુસુમશ્રી રાસ,** ગંગવિજયજી, સંપા૦ જીવણચંદ ઝવેરી. મુંબઈ ૧૯૧૩.


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org